a PROJECT **MANUAL** 2019

ઓએસિસ શાળાઓ

શીખતા માનવો માટે શીખતી શાળાઓ

by ***Oasis Movement***

મૃતપ્રાય કેળવણીના ક્ષેત્રનાં પુનઃ પ્રાણ ફૂંકવાનું આંદોલન

સ્વપ્ન:

શાળાઓ એવું સ્થાન બને જ્યાં બાળકો સ્વતંત્રતા અને આદરના વાતાવરણમાં ખુશ રહેતાં શીખે. બાળકો કોઈ પણ પ્રકારની સ્પર્ધા અથવા સરખામણી વિના પોતાની જાતને શોધી-ઓળખી શકે અને આત્મવિશ્વાસ અને સ્વ-સન્માનની ભાવના સાથે સતત વિકસતાં રહે. શાળાઓ બાળકો માટે હોય, બાળક શાળા માટે નહીં, કે જેમાં બાળકે શાળાની જરૂરિયાતો સાથે બંધબેસતા થવાનું હોય.

ઉદ્દેશો:

ખુશહાલ મનુષ્યો અને જવાબદાર વૈશ્વિક નાગરિકો પેદા કરતા કેળવણીના આદર્શ વાતાવરણને ઊભું કરવા માટે પ્રતિબદ્ધ અને દૃઢ નિશ્ચયી હોય તેવી 100 વ્યક્તિઓ થકી ગુજરાતભરમાં 100 નમૂનારૂપ શાળાઓ તૈયાર કરવી.

વિવરણ:

આવી આદર્શ ઓએસિસ સ્કૂલો માટેનાં ધોરણો શું છે? આ શાળાઓ નીચે જણાવેલી મુખ્ય લાક્ષણિકતાઓ ધરાવતી હશે-

- આચાર્ય/ટ્રસ્ટી શીખે છે – તેઓ જાતે ઉદાહરણરૂપ બનીને નેતૃત્વ પૂરું પાડે છે.
- શિક્ષકો શીખે છે – તેઓ બાળકોને ખીલવા માટે મદદરૂપ, પ્રોત્સાહક બને છે.
- વિદ્યાર્થીઓ શીખે છે – પોતાની જાતને ઓળખવા-સમજવાના અને મહાન મનુષ્ય બનવાના સંદર્ભમાં.
- માતાપિતા પણ શીખે છે – કઈ બાબતો બાળકોના વૃદ્ધિ-વિકાસમાં સહાયરૂપ થાય છે અને કઈ બાબતો બાળકના આત્મવિશ્વાસમાં બાધારૂપ બને છે તે અંગે તેમને પણ સભાન કરવામાં આવે છે.
- વિદ્યાર્થીઓ શાળા ચલાવે છે – વિદ્યાર્થીઓ દરેક રીતે સ્વ-નિર્ભર બને તે માટે તેમને પૂરતો આદર આપવામાં આવે છે. તેમાંથી જ લોકતાંત્રિક ઢબે ચાલતી શાળાઓનો નવો ચીલો ઊભો થાય છે.
- કમ્યૂનિટી શીખે છે – શાળા પોતાના પડોશી સમુદાયમાં વિકાસ માટે ઉદ્દીપક બને છે.

આ એ મુખ્ય આધારસ્તંભો છે જેનાથી શાળા ચાલે છે, અલબત્ત આવી ઓએસિસ સ્કૂલોમાં કેળવણીના સિદ્ધાન્તો પર આધારિત તમામ મહાન પ્રયોગો-પ્રથાઓ પણ મૂર્તિમંત થયેલાં જણાશે.

મહત્ત્વના સિદ્ધાન્તો:

- બિરદાવવું (પ્રશંસા) અને દૃઢીકરણ: વ્યક્તિગત રીતે અને સામૂહિક ધોરણે, તમામ સારા ગુણો અને વર્તનને બિરદાવીને વિદ્યાર્થીઓના આત્મ-સન્માનને સતત પોષવામાં આવે છે.
- તમામ બાળકો તમામ વખત સારાં જ હોય છે: ખરાબ લાગતાં/જણાતાં તમામ બાળકોને ખરેખર તો પ્રેમ, સ્વીકાર અને માર્ગદર્શનના ઉપચારની જરૂર હોય છે.
- સ્વતંત્રતા જવાબદારી શીખવે છે: સ્વતંત્રતાના વાતાવરણમાં બાળકો ઉત્તમ રીતે શીખે અને વિકસે છે.
- તેઓ કોણ છે: શિક્ષકો અને માતાપિતાઓએ સતત શીખતાં/જાણતાં અને ઓળખતાં રહેવાની જરૂર છે કે આ બાળકો કોણ છે.
- જીવન માટેનું શિક્ષણ: શિક્ષણ સર્વાંગીણ અને જીવન-કેન્દ્રિત હોવું જોઈએ, વિભાજિત અને કારકિર્દી-કેન્દ્રિત નહીં.

અગત્યની ફિલસૂફીઓ:

વિશ્વભરમાં એવી અનેક સંસ્થાઓ છે જેમણે શિક્ષણના સાચા સિદ્ધાન્તોને અમલમાં મૂકવાનો પ્રયત્ન કર્યો છે, જેમની પાસેથી આપણે શીખી શકીએ તેમ છીએ. તેમાંની કેટલીક છે –

- ***મોન્ટેસરી*** – બાલવાડીના તબક્કાથી જ બાળકોને સંપૂર્ણપણે સ્વ-નિર્ભર બનાવવા.
- ***કૃષ્ણમૂર્તિ*** – બાળકોના ઉછેરમાં સ્વાતંત્ર્યની અને અન્ય મૂલ્યોની ભૂમિકા સમજવી.
- ***સમરહિલ*** – શાળાઓ કેવી રીતે લોકશાહી ઢબે શીખી શકે અને આનંદસભર સમાજ માટે બાળકો ખુશહાલ હોવાં કેવી રીતે જરૂરી છે તે સમજવા માટે.
- ***શ્રી અરવિંદ*** – ફરીથી સર્વાંગીણ શિક્ષણની સાચી ફિલસૂફી માટે.
- ***શાંતિનિકેતન*** – મહાન કેળવણીકાર રવીન્દ્રનાથ ટાગોર દ્વારા સ્થાપિત સંસ્થા.
- ***ગિજુભાઈ*** – તેમણે બાળકો માટે કરેલાં કામમાં ઉપરમાંથી ઘણી બધી ફિલસૂફીઓ વણાયેલી હતી.

આ તો માત્ર ગણતરીનાં ઉદાહરણો છે. ઓએસિસ સ્કૂલ્સ તેના સંપર્કમાં આવતી તમામ સારી બાબતોમાંથી શીખવા માટે ઉત્સુક રહેશે.

આપણે અત્યારે ક્યાં છીએ:

- આદર્શોની દીવાદાંડીના સંદર્ભે, આજે આપણે સારા એવા ભૂલા પડેલા છીએ. ક્યાં છીએ આપણે?
- આજે શિક્ષણ મહદ્ અંશે પરીક્ષામાં સારા માર્ક/ગ્રેડ મેળવવા પૂરતું મર્યાદિત બની ગયું છે.
- અરે, "તેજસ્વી/હોશિયાર" કહેવાતા-ગણાતા વિદ્યાર્થીઓમાં પણ આત્મવિશ્વાસ અને આત્મસન્માનનો બહુ મોટો અભાવ હોય છે.
- "શિસ્તબદ્ધ" બાળકો અને શાળાઓને ઉત્કૃષ્ટતાના નમૂનારૂપ માનવામાં આવે છે, પછી ભલેને આ શિસ્ત ભયના જોરે કે બળપૂર્વક મેળવાયેલી હોય.
- બાળકોની ટીકા કરવામાં આવે છે, તેમની પર દાદાગીરી કરવામાં આવે છે ને ઉપદેશ આપવામાં આવે છે; સજાને બધી બાબતોનો ઉપાય માનવામાં આવે છે.
- સરખામણીઓ અને સ્પર્ધામાં બાળકો ખોવાયેલાં (પોતાની જાતથી કપાયેલાં) છે.
- શિક્ષણ અત્યંત બૌદ્ધિક બની ગયું છે, જેમાં ભાવનાત્મક બુદ્ધિમત્તાને કોઈ સ્થાન નથી.
- આજે શિક્ષણ એ પૈસા કમાવા માટેનો વ્યવસાય પ્રથમ છે, જ્યારે મૂલ્યો ગૌણ સ્થાને છે.
- આજે આખા દેશના તમામ હિસ્સાઓમાં વધુ ને વધુ બાળકો આત્મહત્યા કરી રહ્યાં છે.

કેવી રીતે ત્યાં પહોંચીશું:

- તો આપણે જ્યાં છીએ ત્યાંથી આપણા સ્વપ્ન સુધી કેવી રીતે પહોંચીશું?
- ઓએસિસ શૈક્ષણિક સંસ્થાઓના એવા આગેવાનોને એકઠા કરીને જૂથ બનાવવું શરૂ કરશે, જેમના હૈયે પોતાની સંસ્થાઓમાં શિક્ષણ માટેનું શ્રેષ્ઠ વાતાવરણ ઊભું કરવાનો આદર્શ વસેલો છે, અને જેઓ વ્યવસ્થા-તંત્ર, સ્થાપિત નિયમો અથવા તેમના રસ્તામાં આવતા અન્ય કોઈ પણ અવરોધો સામે સંઘર્ષ કરવાની હિંમત ધરાવે છે.
- ઓએસિસ આ સામૂહિક નેતૃત્વને તેમની દૃષ્ટિ (વિઝન) સ્પષ્ટ બનાવવામાં, તેમનાં ધ્યેય અને સમય સંબંધિત લક્ષ્યાંકો નક્કી કરવામાં અને તેમની સંસ્થા માટે વિશેષરૂપે એક રોડ-મેપ (આગળ કેવી રીતે વધવું તેનો નકશો) તૈયાર કરવામાં મદદ કરશે.

- તે પછી, ઓએસિસ તેમને પોતાના ધ્યેયની દિશામાં આગળ વધવા માટે સહાયરૂપ, પ્રોત્સાહક એવી તમામ આવશ્યક માહિતી અને માર્ગદર્શન પૂરાં પાડશે.
- આગેવાનોના આ જૂથમાં વધુ ને વધુ સમાન-વિચારધારાવાળા લોકો તેમાં જોડાય તે હેતુથી ઓએસિસ વખતોવખત સાફલ્યગાથાઓ (સક્સેસ-સ્ટોરીઝ) પણ પ્રકાશિત અને પ્રસારિત કરશે. આદર્શ શાળા બનવાની પ્રક્રિયામાં અલગ અલગ તબક્કે ઓએસિસ શાળાઓ/સંસ્થાઓને 'એપ્રિસિએશન સર્ટિફિકેટ (પ્રશંસાપત્ર)' પણ આપશે.

સહાયરૂપ પ્રક્રિયાઓ:

નીચે એવી કેટલીક મુખ્ય બાબતો જણાવવામાં આવી છે જેમાં ઓએસિસ મદદ પૂરી પાડશે-

- દૃષ્ટિ (વિઝન) – એક આદર્શ શૈક્ષણિક સંસ્થાના સિદ્ધાન્તો અને મૂલ્યો સંબંધિત સ્પષ્ટતા.
- મિશન – ધ્યેય અને તેના તબક્કાઓ નક્કી કરવા તેમ જ ચોક્કસ લક્ષ્યાંક માટે સમયની રૂપરેખા નક્કી કરવી.
- કેળવણીની પ્રક્રિયાઓ – આગેવાનો, શિક્ષકો, માતાપિતા અને વિદ્યાર્થીઓ માટે.
- કાઉન્સેલિંગ – વિદ્યાર્થીઓને વ્યક્તિગત રીતે કઈ રીતે મદદ આપવી તે માટે તમામ શિક્ષકોને અમુક અંશે તૈયાર કરવા અને કેટલાક શિક્ષકોને નિપુણ બનાવવા.
- સ્વ-શિસ્ત – શાળાઓ લોકતાંત્રિક ઢબે ચાલી શકે તે માટેની વ્યવસ્થાઓ ઊભી કરવી, જેમાં બાળકો સમકક્ષ ધોરણે ભાગ લેતાં હોય.
- કારકિર્દી – એવી પ્રક્રિયાઓ અને પદ્ધતિઓ ઉપલબ્ધ બનાવવી જેથી વિદ્યાર્થીઓ પોતાની જાતને ઓળખી શકે અને તેમની આ ઓળખ સાથે સંવાદિતામાં હોય તેવા કારકિર્દીના વિકલ્પોમાંથી સાચી પસંદગી કરી શકે.

પરિવર્તનની પહેલ માટેનાં મૂલ્યો

1. તે કઠિન છેઃ

જેને લોકો લગભગ અશક્ય ગણતાં હોય તે જ મિશન હોય છે. જો તમે દરરોજ યુદ્ધના ધોરણે કામ કરો તો પણ, દેખાય તેવો કોઈ બદલાવ લાવતાં મહિનાઓ, વર્ષો, દાયકાઓ લાગતા હોય છે.

2. તમે અમૂલ્ય છોઃ

તમારા જેવા, પ્રેમની આવી લડાઈ ચાલુ રાખવાની તૈયારીવાળા બહુ ઓછા હોય છે. તમે જ સમાજ અને આવનારી પેઢીઓની આશા છો તે કદી ના ભૂલશો.

3. કદી હાર ન માનશોઃ

સંઘર્ષો, નકારાત્મકતા, આક્ષેપો, કોઈને કદર ના હોય, આડેધડ/અવિચારી ટીકાઓ- બધું આવવાનું જ છે, પણ કદી હાર માની લેવાનો વિચાર પણ ના કરશો, 'સ્વમાન' કાજે પણ નહીં, કારણ કે જે દુભાય તે કાયમ અહંકાર જ હોય છે. સ્વીકારના ચાર તબક્કાઓ યાદ રાખો. જો તમે નીચે નહીં ઊતરો તો તેમણે ઉપર ઊઠવું જ પડશે.

4. પ્રેમથી વિજય મેળવોઃ

જેઓ તમને સહકાર ન આપતા હોય કે દુશ્મનાવટ સુદ્ધાં ધરાવતા હોય, તેમને પ્રેમ આપીને સાબિત કરી દો કે તમે જ્યોતિર્ધર છો. તેમની અંદર સારાઈ જુઓ. તેઓની સારી સંભાવનાઓમાં શ્રદ્ધા ગુમાવો નહીં. હંમેશાં પ્રેમમાંથી પ્રતિભાવ આપો.

5. ટીમ ઊભી કરોઃ

એકલા એકલા ના લડો. જ્યાંથી પણ મદદ મેળવી શકો તેમ હો ત્યાંથી મદદ મેળવો.

6. તમારી જાતની કાળજી રાખોઃ

તમે પોતે તમારું પહેલું સાધન છો. જો તમે જ શારીરિક રીતે તંદુરસ્ત નહીં હો તો તમારાં સ્વપ્નો સાકાર કરવાની યાત્રા ખોડંગાતી રહેશે. માત્ર શાળામાં જ નહીં, દરેક જગ્યાએ સ્વસ્થ અને પ્રેરણારૂપ જીવન જીવો.

7. શાળા બાળક માટે છેઃ

તમારા આચાર્ય તરીકેના સમયગાળા દરમ્યાન બાળકોનો આત્મવિશ્વાસ વધે અને જીવન વિશેના સાચા વિચારો કેળવાય તે માટે જે જરૂરી હોય બધું જ કરી છૂટો. તમને આચાર્ય તરીકે જીવનની જે અણમોલ તક મળી છે તેનો પૂરેપૂરો ઉપયોગ કરો. શિક્ષણવ્યવસ્થાના ભાગ રહીને પણ કેટલું બધું થઈ શકે છે તેનું તમે ઉદાહરણ બની શકો છો.

પદ્ધતિસર શરૂઆત કેવી રીતે કરવી તેની માર્ગદર્શિકા

1. હકારાત્મક બાબતોથી શરૂઆત કરોઃ

શાળા, શિક્ષકો, વ્યવસ્થાપકો, સત્તાધિકારીઓ - બધામાં હંમેશાં કાંઈક કે કાંઈક સારું હોય જ છે. તેનાથી શરૂઆત કરો. તેમની સારી બાજુને તમારા કામમાં કઈ રીતે ઉપયોગમાં લેવી તથા કઈ રીતે તેનો પાયો બનાવી વ્યૂહાત્મક રીતે વિસ્તરવું તેના માટેની દૃષ્ટિ (વિઝન) ઊભી કરો. તમારી પાસે હંમેશાં આગળ વધવા માટેની કોઈ ને કોઈ રૂપરેખા હોવી જોઈએ.

2. માત્ર નેતૃત્વવાળી ભૂમિકા ભજવોઃ

તમારી ભૂમિકા શું છે તે ધ્યાનમાં રાખો. વહીવટને લગતી અને રોજિંદી બાબતો બીજાને સોંપો. તમારું કામ સ્પિરિટ ઊભો કરવાનું અને સતત પ્રજ્વલિત રાખવાનું છે. મહેરબાની કરીને નાના, ક્ષુલ્લક, ત્વરિત સંતોષ આપતાં કાર્યોમાં ખોવાઈ ન જાઓ.

3. બધાનું હકારાત્મક દૃઢીકરણ કરોઃ

બધાનું હકારાત્મક દૃઢીકરણ કરતાં રહો, ખાસ કરીને બાળકોને દિવસમાં ઢગલાબંધ વાર કહો કે તેઓ કેટલાં સારાં છે અને કેટલું સુંદર હૃદય ધરાવે છે. તેમનામાંનું સારું જોઈને તેને વ્યક્ત કરવાની તકો શોધતા રહો. એક દિવસ એવો આવશે જ્યારે પ્રેમ સામે બધો જ સંકોચ, અવરોધ દૂર થઈ જશે.

4. સંબંધો બાંધતાં રહોઃ

ગ્રહણશીલ, શરૂઆતથી આ બાબતોને ઝીલનારા લોકો સાથે વ્યક્તિગત ધોરણે મળવાનું અને સાંભળવાનું શરૂ કરો. તમારે માત્ર તેમને સમજવાના છે અને હૃદયના ઊંડાણથી તેમની યોગ્ય કદર/પ્રશંસા કરવાની છે.

5. સહિયારાં સ્વપ્નો ઊભાં કરોઃ

આદર્શ શાળાની દૃષ્ટિનું સર્જન કરવામાં લાગતી-વળગતી દરેક વ્યક્તિને – વિદ્યાર્થીઓ, શિક્ષકો, સ્ટાફ, સત્તાધિકારીઓ બધાને સામેલ કરો. ત્યાર બાદ ધીમે ધીમે તેને વાસ્તવિકતામાં પરિવર્તિત કરવા હકારાત્મક પ્રોત્સાહન આપતાં રહો અને ગૌરવનો ભાવ ઊભો કરો.

6. વિચારોનો ફેલાવો કરોઃ

પ્રોત્સાહિત કરતા રહો. જ્યારે પણ તક મળે ત્યારે બધી જ બાબતો, બધા જ વિષયો પર શક્તિદાયી વિચારો અભિવ્યક્ત કરતા રહો. પ્રાર્થનાસભા, સ્ટાફ રૂમ, વ્યક્તિગત મીટિંગ... દરેક જગ્યાએ. વિચારો રોપતા રહો.

7. વફાદાર રહોઃ

તમને વફાદાર સાથીઓની જરૂર પડશે. તેથી બધા સાથે મક્કમતાથી વફાદાર રહો, જેઓ વફાદાર ન હોય તેમની સાથે પણ.

આચાર્યો દ્વારા કરવાની તૈયારીઓ

A. શાળા વિશેની પ્રાથમિક માહિતી એકઠી કરવીઃ

- શાળા વિશેની માહિતીના આંકડા, જે કુશળ આયોજન માટે જરૂરી છે.
- શાળાની રૂપરેખા- વિદ્યાર્થીઓની સંખ્યા, શિક્ષકો, સ્ટાફ, માળખું, નાણાકીય વ્યવસ્થા વગેરે.
- શાળાનો નકશો – ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યકાળ; સિદ્ધિઓ, ખ્યાતિ, નિષ્ફળતાઓ, આયોજનો વગેરે.
- સત્તાકીય માળખું- વ્યવસ્થાનાં સ્તરો, તમે કેટલી સ્વતંત્રતા માણી શકો છો, કોને કેટલી સત્તા છે, સત્તાધીશો ખુલ્લાં મનના છે કે રૂઢિચુસ્ત વગેરે.
- લોકો વિશેનું સૂઝબુજવાળું વિશ્લેષણ- બદલાવ માટે ખુલ્લા હકારાત્મક લોકો, ધારે બેઠેલા મધ્યમ લોકો અને નાખુશ, મુશ્કેલી ઊભી કરનારાઓ વગેરે.
- તમારી ભૂમિકાઓ અને જવાબદારીઓ- તમે દરરોજ શું કરો છો, ભણાવવામાં, વહીવટમાં અને નેતૃત્વ માટે કેટલો સમય આપો છો વગેરે.

B. ઉપરોક્ત માહિતી આધારિત તૈયારીઓઃ

- એક લીડર તરીકે તમે રોજિંદા નિત્યક્રમમાં શું કરી શકો છો.
- કયા કાર્યક્રમોનું શાળામાં જ આયોજન કરી શકાય.
- વિદ્યાર્થીઓ માટેની શિબિરો.
- વાલીઓ, શિક્ષકો માટે શું કરવું.
- કોને વિશ્વાસ અપાવવાની જરૂર છે, તે ધીમે ધીમે કેવી રીતે અપાવવો.

C. લોકો સાથે કામ કરવા માટેનું કુશળતાપૂર્વકનું આયોજન ને દૃષ્ટિઃ

- જ્યોતિર્ધર માટેના લાભો, એક યોજના તરીકે તેમાં આર્થિક મૂલ્યો પણ સામેલ કરવા.
- કોણ ગ્રહણશીલ છે, જેમને ટીમમાં તરત સામેલ કરી શકાય, ફૅસિલિટેટર બનાવી શકાય.
- કોને પ્રેરણાની જરૂર છે, તેમને સમસ્યાઓમાંથી કેવી રીતે બહાર કાઢવા.
- કેવી રીતે શરૂઆત કરવી, કેવી રીતે પ્રતિષ્ઠા અને સ્વીકાર ઊભાં કરવા, કેવી રીતે બીજાને સામેલ કરવા.
- કેવી રીતે નકારાત્મક તત્ત્વોને જુદા રાખવા, એકલા હોય ત્યારે પ્રોત્સાહિત કરવા અને લોઢું ગરમ થવાની રાહ જોવી.

D. મિશન સ્ટેટમેન્ટ બનાવવુંઃ

વિદ્યાર્થીઓ, શિક્ષકો, વહીવટી સ્ટાફ, વાલીઓના પ્રતિનિધિઓ અને ટ્રસ્ટીઓ કે સત્તાધીશોને વગેરે લાગતા-વળગતા બધાને સામેલ કરીને શાળાનું મિશન સ્ટેટમેન્ટ બનાવવાની પ્રક્રિયા કરો. નાના બાળક અને પટાવાળાથી માંડીને દરેકેદરેક વ્યક્તિને આ પ્રક્રિયામાં સામેલ કરવી જોઈએ.

આચાર્યો દ્વારા કરી શકાય તેવાં કાર્યો માટેનાં સૂચનો

બાળકો/વિદ્યાર્થીઓ સાથે કામ કરવા માટે અગત્યનું માર્ગદર્શનઃ

- દરેક બાબતમાં ચારિત્ર્ય અને જીવન શિક્ષણને કેન્દ્રમાં લાવો.
- દરેકેદરેક વ્યક્તિ બાળકોને માણતી હોય, તેમનું હકારાત્મક દઢીકરણ કરતી હોય.
- દરેકેદરેક બાળકમાં પ્રતિભાઓ શોધી કાઢવા માટે કાર્યરત રહો.
- તેમને કારકિર્દી માર્ગદર્શન આપો, જ્યાં જરૂર જણાય ત્યાં યોગ્ય વ્યક્તિઓની/એજન્સીઓની મદદ લો.
- બાળક પોતાની જાત સાથે જ સ્પર્ધા કરે તેવું વાતાવરણ ઊભું કરવા હંમેશાં પ્રોત્સાહન આપો.
- પરીક્ષાઓનો ડર દૂર કરો, પરીક્ષામાં મળતી નિષ્ફળતાને ગણકારો નહીં.
- દરેકેદરેક વિદ્યાર્થી દર મહિને એક પુસ્તક વાંચે, વેકેશનમાં વધારે પુસ્તકો વાંચે તે માટે પ્રોત્સાહિત કરો.
- બાળકોમાં રહેલા ચારિત્ર્યના ગુણોની હંમેશાં પ્રશંસા કરો.
- સાંભળો, કાઉન્સેલિંગ કરો.

પ્રાથમિક ધોરણોનાં બાળકો સાથેનાં મૂલ્યો, વાતાવરણઃ

- બાળકોને શાળામાં આવવું ગમે તેવું વાતાવરણ.
- બાળકો કોઈ પણ વાત સ્વતંત્રતાથી રજૂ કરી શકે તેવી મોકળાશભર્યું વાતાવરણ.
- આભાર માનવાનું કલ્ચર.
- શિક્ષકો-બાળકો વચ્ચે સહજપણે ભેટવાનું કલ્ચર.
- મદદ કરવાનું કલ્ચર – બાળકો એકબીજાની મદદ કરતા થાય તે માટે તેમને પ્રોત્સાહન આપવું.

પ્રાથમિક ધોરણોનાં બાળકો સાથે ઉપયોગી પ્રક્રિયાઓઃ

- અઠવાડિક ધોરણે લવ ક્લાસ, લાઇફ ક્લાસ, ફ્રેન્ડશિપ ક્લાસ, જોય ક્લાસ.
- સ્મિત દિવસ/અઠવાડિયું.
- અર્થપૂર્ણ/ફાયદાકારક સજા – જેમ કે મોડા આવવા બદલ લીમડાનો રસ પીવાની સજા.
- વર્ગમાં દરરોજ એક બાળક (ચિઠ્ઠી ઉપાડીને જે નામ આવે તે) બીજા બાળક વિશે તેનામાં જે કંઈ સારું જોયું હોય તે બોલે, બીજા દિવસે જેના વિશે બોલાયું હતું તે બાળક અન્ય બાળક વિશે બોલે.
- એસેમ્બલીમાં- પૉઝિટિવ પૉઇન્ટ્સની વાત કરવી, મૂલ્ય આધરિત વીડિયો બતાવી ચર્ચા કરવી, મદદ કરવી, સ્મિત આપવું, આભાર માનવો – વારંવાર કરવા અને તેના વિશે વાત કરવી, પોતે જે કંઈ સારું કર્યું હોય તેના વિશે વાત કરવી.
- ધોરણ પ્રમાણે પ્રાર્થનાસભા- જેમાં દરરોજ એક બાળક શિક્ષક વિશે કહે.
- બાળકોને જાતે પોતાના નિયમ બનાવવાની છૂટ.
- વર્ષની શરૂઆતમાં પહેલા અઠવાડિયામાં જ વિશેષ પરિચયનો કાર્યક્રમ કરવો – જેમાં બાળકો પોતાનું નામ, સ્વપ્ન, આદર્શ વ્યક્તિ, સૌથી સુખદ ક્ષણ તેમ જ પોતાને ગમતા બે વિષયો વિશે બોલે.
- ધોરણ ૭-૮-૯નાં બાળકો માટે શાળામાં જ લાઇફ કૅમ્પ.
- બાળકો સાથે પુસ્તકોની આપ-લે.
- તોફાની બાળકો સાથે પ્રેમથી, તેમના સારા ગુણો પર ધ્યાન આપી કામ કરવું.
- સૂત્રોચ્ચાર કરાવવા.
- શિક્ષકો અને વિદ્યાર્થીઓએ કરેલાં નાનાંમોટાં કામ માટે તેમને બિરદાવવા..
- બીજી શાળા સાથે વિદ્યાર્થીઓની અદલ-બદલનો કાર્યક્રમ- Students' exchange program - કરવો.

માધ્યમિક ધોરણોના બાળકો સાથે ઉપયોગી મૂલ્યો અને પ્રક્રિયાઓ:

- દરેક વર્ગ માટે લાઇફ ક્લાસનો કોર્સ.
- દરેક બાળક અન્ય બાળક માટે રોલ મૉડેલ કેમ ન બની શકે? – એ માટે બાળકોને પ્રોત્સાહન.
- ભૂલ માટે શારીરિક સજા ન કરતાં કંઈક જુદી જ સજા આપવી.
- દરેક બાળક પોતાના વર્ગના અન્ય બાળકો માટે સારું વિચારે તેવી કોઈ પ્રવૃત્તિ.

શિક્ષકો સાથે કામ કરવા માટે અગત્યની માર્ગદર્શિકાઓ:

- ટીમ ઊભી કરવાની પ્રક્રિયા અવિરત ચાલુ રાખો: સાચા શિક્ષકોને તરવો, શરૂઆતમાં કૉર ટીમ બનાવો, તેમના અંગત રસનાં કાર્યો મુજબ ટીમનું મૅનેજમેન્ટ કરો, હંમેશાં પરિણામો/સફળતાને સંતુલિત કરતા રહો.
- ટીમમાં આદર્શો માટેનો પ્રેમ સતત પ્રગટાવતા રહો, સંકોરતા રહો. સારાઈને મજબૂત કરવા બુરાઈનો કેવી રીતે ઉપયોગ કરવો તે શીખો.
- વાતો વહેંચવા માટે અનૌપચારિક બેઠકો રાખો- શિક્ષકોના પોતાના માનીતા શિક્ષકો કોણ હતા અને કેમ? તેમનો એક વિદ્યાર્થી તરીકેનો અનુભવ- તેમના અભ્યાસકાળ દરમ્યાન શું સારું હતું, શું ખરાબ હતું? એ સારી બાબતો કેવી રીતે સામેલ કરી શકાય?
- શિક્ષકોના વિકાસ માટે પુસ્તક વાંચનની બેઠકો રાખો.
- નિયમિત મૂવી સેશન્સ રાખો, ફિલ્મ જોયા પછી મળેલી પ્રેરણા, તેમના જીવનમાં/શાળામાં અમલમાં મૂકી શકાય તેવી બાબતો માટે જૂથચર્ચા કરાવો.

શિક્ષકો સાથે કામ કરવી વખતે ઉપયોગી મૂલ્યો અને પ્રક્રિયાઓ:

- શિક્ષકોનો બાળકો સાથે અલગ પ્રકારનો સંબંધ બંધાય તે માટે 'વન વીક નો ટિચિંગ' – એમાં શિક્ષક અભ્યાસક્રમ સિવાયની પોતાની પ્રતિભાઓ અનુસાર બાળકોને અન્ય પ્રવૃત્તિઓ કરાવે.
- શિક્ષકો બાળકોને મારવાનું બંધ કરે તે માટેના પ્રયાસો.
- શિક્ષકો માટે 'હું છું જ્યોતિર્ધર' વર્કશોપ સિરીઝ અથવા ઓએસિસની બે દિવસીય વર્કશૉપ.
- શિક્ષકોને પ્રેમ પત્ર, માફીપત્ર લખવા.
- જે શિક્ષકોને અંદર અંદર બનતું ન હોય તે એકબીજા વિશે 10 પૉઝિટિવ પૉઇન્ટ કહે અને વખત જતાં પાક્કા મિત્રો બને તે માટે પ્રયાસો.
- દર મહિને આચાર્ય શિક્ષકોને આભાર પત્ર લખે, 'આભાર અઠવાડિયાની' ઉજવણી.
- સૌની વચ્ચે શિક્ષકોના સારા ગુણોને પોરસાવવા અને તેમની નાની-મોટી સિદ્ધિઓની પ્રશંસા કરવી.
- વ્યક્તિગત ધોરણે કાઉન્સેલિંગ.
- શિક્ષકો સાથે બાળકોને જોવાની હકારાત્મક રીત – ઉદાહરણ સાથે વહેંચવી.
- પૉઝિટિવ થિંકિંગ વીક – દરેક શિક્ષક બીજા માટે પાંચ વાક્ય કહે.
- સ્માઇલ વીક, 'હસતા શિક્ષક – હસતી શાળા – હસતાં બાળકો'નો વિચાર રજૂ કરવો.
- શિક્ષકોને 'મારા સ્વપ્નની શાળા' વિશે લખવા કહેવું.
- શિક્ષકો સાથે ઓએસિસની વાતો વહેંચવી.
- શિક્ષકોનો વિશ્વાસ સંપાદન કરવો.
- શિક્ષક પાસે આચાર્યની ત્રુટિ, સારી વાતોનો ફીડબૅક મેળવી એના પર કામ કરવું.

બિનશૈક્ષણિક/એડમિનિસ્ટ્રેટિવ સ્ટાફ સાથે કામ કરવી વખતે ઉપયોગી મૂલ્યો અને પ્રક્રિયાઓ:

- એમના કામની અગત્યતાનો ખ્યાલ રાખવો.
- એમની સાથે વાતચીત અથવા અન્ય કોઈ સહિયારી પ્રવૃત્તિ કરવી.
- વહીવટમાં પડતી મુશ્કેલી માટે શિક્ષકો સાથે ચર્ચાનું આયોજન.
- સાચી વાત સારી રીતે કેવી રીતે રજૂ કરવી તેની સમજ આપવી – પટાવાળા સુદ્ધાંને તેમાં સામેલ કરવા.
- તેમને સાંભળવા, તેમને તેમની મુશ્કેલીઓ, પ્રશ્નો ઉકેલવા મદદ-માર્ગદર્શન પૂરા પાડવા.
- તેમની મહેનત, સફળતા બદલ તેમને બિરદાવવા.

- હંમેશાં માણસાઈથી જ વાત કરવી.
- કાં તો ખુશ હોય, કાં દુઃખી, જે પ્રમાણે હોય તે પ્રમાણે જ માન્યતા ધરાવતા હોય.
- તેમની તકલીફોને સાંભળવી.
- તેમને શીખવામાં કેવી રીતે મદદ કરી શકાય.

શાળાના ટ્રસ્ટીઓ કે અન્ય સત્તાધિકારીઓને સામેલ કરતી વખતે ઉપયોગી મૂલ્યો અને પ્રક્રિયાઓઃ

- શાળા માટેનું વિઝન તેમની સાથે વહેંચવું.
- પોતાની વાત હંમેશાં સ્પષ્ટતાથી મૂકવી- સ્પષ્ટ રજૂઆત, ઉપયોગિતાનું પાસું.
- પૈસાની દૃષ્ટિએ તો સ્કૂલ એમની છે જ, પણ પ્રેમની દૃષ્ટિએ પણ છે તે વ્યક્ત કરવું.
- પૉઝિટિવ પરિણામ લાવી બતાવી તેમનો વિશ્વાસ જીતવો..
- તેમને સામેલ કરીને બાળકો માટે જે કરવું હોય તે ખૂબ જ સારી રીતે કરવું.

બાળકોના વાલીઓ સાથે કામ કરતી વખતે ઉપયોગી મૂલ્યો અને પ્રક્રિયાઓઃ

- 'બાળકોના માલિક નહીં, પણ માળી બનો' – એ વિષય પર વર્કશૉપ કરવી.
- સારા પેરેન્ટિંગ માટે વિવિધ સેશન કરવાં.
- બાળકોનું પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ છે એ સમજાવવાનો પ્રયાસ.
- બાળકોને નહીં મારવા અંગે તેમની સાથે મીટિંગ કરવી.
- નબળા બાળકો માટે સતત માતાપિતા સાથે મીટિંગ કરીને તેમને બાળકોની તકલીફ સમજવા તૈયાર કરવાં અને બાળ-નિષ્ણાત સાથે મુલાકાત ગોઠવવી.
- બાળક પ્રત્યેની તેમની જવાબદારી સમજાવવી.
- સમયે સમયે ટેલિફોનિક માધ્યમથી બાળકના વિશેષ ગુણોની માહિતી આપવી.
- જો ઑફિસ સમય દરમ્યાન શક્ય ન બને તો, વાલી ઘરે પણ આવી શકે, એટલી મોકળાશ આપવી.
- માતાપિતાની વર્તણૂકના કારણે જો બાળકમાં સમસ્યા હોય તો કાઉન્સેલિંગ આપવું.

ગામ અને શહેરના લોકોને સામેલ કરતી વખતે ઉપયોગી મૂલ્યો અને પ્રક્રિયાઓઃ

- ઘરે ઘરે જઈને લોકો સાથે વાત કરવી, પોતાની વાત/જરૂરિયાત મક્કમતાથી રજૂ કરવી – જોઈતું ફંડ મેળવવું અને જે-તે કાર્યક્રમ કરવો.
- આજુબાજુની તમામ શાળાઓ સાથે સંપર્ક રાખવો- તેમની સાથે નવા નવા વિચારો વહેંચતા રહેવું.
- સ્ટુડન્ટ એક્સચેન્જ પ્રોગ્રામ.

પરિશિષ્ટ 1

વિચારેલ પ્રક્રિયાઓનું માસિક સમયપત્રક

મહિનો	વિદ્યાર્થીઓ સાથે	શિક્ષકો સાથે	વાલીઓ/સમાજ સાથે	વ્યવસ્થા બદલવા માટે	અન્ય
જુલાઈ					
ઑગસ્ટ					
સપ્ટેમ્બર					
ઑક્ટોબર					
નવેમ્બર					
ડિસેમ્બર					
જાન્યુઆરી					
ફેબ્રુઆરી					
માર્ચ					
એપ્રિલ					
મે					
જૂન					

પરિશિષ્ટ 2

શિક્ષકો અને બાળકો દ્વારા ચારિત્ર્યના ગુણોનું સ્વ-મૂલ્યાંકન

નીચેનું દરેક વાક્ય વાંચો અને ચારિત્ર્યના ગુણો અને વર્ણન માટે કેમ્પ પહેલાંની અને કેમ્પ પછીની તમારી જાતને ૧ થી ૧૦ સુધીના ગુણ આપો.

- ૧ = મને લાગુ પડતું નથી.
- ૨ થી ૫ = મને કેટલુંક/ક્યારેક લાગુ પડે છે.
- ૬ થી ૯ = મને ઘણું બધું/મોટે ભાગે લાગુ પડે છે
- ૧૦ = મને પૂરેપૂરું/દરેક સમયે લાગુ પડે છે.

ક્રમ	ચારિત્ર્યના ગુણો અને તેનું વર્ણન	કેમ્પ પહેલાં	કેમ્પ પછી
A	જિજ્ઞાસાવૃત્તિ		
૧	શીખવાનો અભિગમ: હું વારંવાર પ્રશ્નો તેમ જ 'શા માટે?' તેમ પૂછ્યા કરું છું અને તેમ કરવામાં મને ખચકાટ થતો નથી.		
૨	આદર્શવાદ: હું આદર્શ જીવન જીવવામાં માનું છું, આદર્શ બાબતોનો વિચાર કરું છું, સાચી અને સારી બાબતોની પ્રશંસા કરું છું.		
૩	ખુલ્લાપણું: હું બીજાના વિવિધ દૃષ્ટિકોણ પ્રત્યે ખુલ્લો અભિગમ ધરાવું છું, નવું-નવું શીખવું મને ગમે છે.		
B	જવાબદારી		
૪	સ્વ-નિયંત્રણ: હું તરત પ્રતિક્રિયા આપતો/આપતી નથી, મારી જાત પર કાબુ રાખું છું, વિચારીને જવાબ આપું છું.		
૫	નિર્ણયશક્તિ: હું મારા પોતાના નિર્ણયો જાતે લઉં છું, દેખાદેખી કે કોઈ દબાણથી નહીં.		
૬	ભૂલ-સ્વીકાર: હું મારી ભૂલ થાય તો તરત સ્વીકાર કરું છું અને ભૂલમાંથી શીખવાનો પ્રયત્ન કરું છું.		

C	જીવન-ધ્યેય		
૭	સ્વ-વિકાસઃ હું મારી પ્રતિભાઓ/ ટૅલેન્ટ વિશે સભાન છું અને તેને વિકસાવવાનો પ્રયત્ન કરું છું.		
૮	પરિશ્રમઃ મને સખત મહેનત કરવી ગમે છે, જીવનમાં સખત પરિશ્રમ કરવા તૈયાર છું.		
૯	ધૈર્ય, સાતત્યઃ હું પૂરેપૂરી ખંતથી કામ કરું છું, કામ પૂરું ન થાય ત્યાં સુધી હારતો/હારતી નથી.		
D	સ્વાવલંબન		
૧૦	સ્વાશ્રયઃ હું મારાં પોતાનાં કામ જાતે કરું છું, શિસ્તબદ્ધ અને વ્યવસ્થિત રહેવું મને ગમે છે.		
૧૧	આત્મસમ્માનઃ મને મારા પોતાના માટે માન છે, મારો આત્મવિશ્વાસ કોઈ છીનવી શકશે નહીં.		
૧૨	એકસૂત્રતાઃ તમે મારા પર વિશ્વાસ મૂકી શકો છો, હું આપેલાં વચનો નિભાવું છું, કર્મ કરવામાં માનું છું.		
૧૩	સામેલગીરીઃ હું વિવિધ પ્રવૃત્તિમાં સહભાગી થાઉં છું અને મારું શ્રેષ્ઠ યોગદાન આપું છું.		
૧૪	અર્પણનો ભાવઃ હું લોકો પ્રત્યે માયાળુ હોઉં છું અને મને બીજા લોકોને કાંઈક ને કાંઈક આપવું ગમે છે.		
E	ભાવનાત્મક સમજશક્તિ		
૧૫	પ્રસન્નતાઃ હું હંમેશાં આનંદમાં રહું છું, ખુશ રહું છું, લોકો સાથે આનંદ વહેંચું છું.		
૧૬	કૃતજ્ઞતા, હકારાત્મકતાઃ હું જીવન/લોકો પ્રત્યે કૃતજ્ઞતા અનુભવું છું, હંમેશાં હકારાત્મક બાબતો/બાજુઓ જોવા માટે આતુર હોઉં છું.		
૧૭	માફી માગવી/આપવીઃ હું માફી માગવા તત્પર હોઉં છું અને કોઈ મારી માફી માગે તો સરળતાથી માફી આપું છું.		
૧૮	હિંમતઃ હું હિંમતવાન અને બહાદુર છું, કશાથી ડરતો/ડરતી નથી.		
૧૯	સહિષ્ણુતાઃ હું બીજાને અનુકૂળ થવાનો પ્રયત્ન કરું છું અને બહોળા હિત માટે ભોગ આપી શકું છું.		
F	સંબંધો		
૨૦	પ્રેમ અને મિત્રતાઃ હું પ્રેમાળ વ્યક્તિ છું, બીજાને પ્રેમ આપું છું, મને મિત્રો બનાવવા ગમે છે.		
૨૧	સમજણશક્તિઃ હું બીજાને આદર આપું છું અને સમજવાનો પ્રયત્ન કરું છું.		
૨૨	રાષ્ટ્રપ્રેમઃ હું દેશ અને સમાજને વફાદાર રહું છું, એક સારો/સારી નાગરિક છું, મારી ફરજો નિભાવું છું.		
૨૩	તટસ્થતાઃ હું હંમેશાં પ્રામાણિક અને નિષ્પક્ષ હોઉં છું.		
૨૪	નેતૃત્વઃ હું સમસ્યાના ઉકેલો શોધી સમસ્યાનું નિવારણ લાવું છું, બીજાને નેતૃત્વ પૂરું પાડવાનો અભિગમ ધરાવું છું.		

G	આધ્યાત્મિકતા		
૨૫	ઉત્સાહઃ હું માનું છું કે જીવન ઉત્કટતાપૂર્વક જીવવું જોઈએ, હંમેશાં હસતા રહેવું જોઈએ, બીજાને પ્રોત્સાહન આપવું જોઈએ.		
૨૬	શાણપણ, નમ્રતાઃ હું ડાહી અને સમજદાર વ્યક્તિ છું અને બીજા સાથે વિનમ્ર વ્યવહાર કરું છું.		
૨૭	જીવનની સાર્થકતાઃ હું મારા પોતાના જીવનનો અર્થ શોધવાની કોશિશ કરું છું, તેને સતત વિકસાવું છું.		
૨૮	સાચું અનુસરવુંઃ હું હંમેશાં મારા હૃદયને અનુસરું છું, મને જે સાચું લાગે છે તે પ્રમાણે વર્તું છું.		

પરિશિષ્ટ 3

શિક્ષકો દ્વારા બાળકોના ચારિત્ર્યના ગુણોનું મૂલ્યાંકન

નીચેનું દરેક વાક્ય વાંચો અને ચારિત્ર્યના ગુણો અને વર્ણન માટે બાળકને ૧ થી ૧૦ સુધીના ગુણ આપો.

- ૧ = તેને લાગુ પડતું નથી.
- ૨ થી ૫ = તેને કેટલુંક/ક્યારેક લાગુ પડે છે.
- ૬ થી ૯ = તેને ઘણું બધું/મોટે ભાગે લાગુ પડે છે
- ૧૦ = તેને પૂરેપૂરું/દરેક સમયે લાગુ પડે છે.

બાળકનું નામઃ ધોરણઃ

- *તે માટેનું કોષ્ટક નીચે મુજબ છે.*

ક્રમ	ચારિત્ર્યના ગુણો અને તેનું વર્ણન	શિક્ષક ૧	શિક્ષક ૨	શિક્ષક ૩	શિક્ષક ૪	શિક્ષક ૫
A	જિજ્ઞાસાવૃત્તિ					
૧	શીખવાનો અભિગમ					
૨	આદર્શવાદ					
૩	ખુલ્લાપણું					
B	જવાબદારી					
૪	સ્વ-નિયંત્રણ					
૫	નિર્ણયશક્તિ					
૬	ભૂલ-સ્વીકાર					
C	જીવન-ધ્યેય					
૭	સ્વ-વિકાસ					
૮	પરિશ્રમ					
૯	ધૈર્ય, સાતત્ય					
૧૦	સ્વાશ્રય					
D	સ્વાવલંબન					
૧૦	સ્વાશ્રય					
૧૧	આત્મસમ્માન					
૧૨	એકસૂત્રતા					
૧૩	સામેલગીરી					
૧૪	અર્પણનો ભાવ					
E	ભાવનાત્મક સમજશક્તિ					
૧૫	પ્રસન્નતા					
૧૬	કૃતજ્ઞતા, હકારાત્મકતા					
૧૭	માફી માગવી/આપવી					
૧૮	હિંમત					
૧૯	સહિષ્ણુતા					

F	સંબંધો					
૨૦	પ્રેમ અને મિત્રતા					
૨૧	સમજણશક્તિ					
૨૨	રાષ્ટ્રપ્રેમ					
૨૩	તટસ્થતા					
૨૪	નેતૃત્વ					
G	આધ્યાત્મિકતા					
૨૫	ઉત્સાહ					
૨૬	શાણપણ, નમ્રતા					
૨૭	જીવનની સાર્થકતા					
૨૮	સાચું અનુસરવું					
૨૫	ઉત્સાહ					

ચારિત્ર્યના ગુણો આત્મસાત્ કરવા માટેના સાત પગથિયાંઓ

- **માનો-** હૃદયપૂર્વક, ઉત્કટ લાગણીથી અને ખાતરીપૂર્વક
- **દૃષ્ટાંતરૂપ બનો-** આત્મવિશ્વાસ મેળવવા અને એકસૂત્રતા કેળવવા
- **સમજાવો-** વાસ્તવિક કે કાલ્પનિક વાર્તાઓ દ્વારા, ગુણો અને તેની અસરો
- **દૃઢ કરો-** નાનાંમાં નાનાં સૂક્ષ્મ પરિમાણોની પ્રશંસા કરો
- **નિયંત્રણ કરો-** ખાનગી રીતે જાણકારી રાખવા મોનિટરિંગ કાર્ડનો ઉપયોગ કરો
- **ફેસિલિટેટ કરો-** પ્રેક્ટિસ કરવાની તકો ઊભી કરો અને તેનો ઉપયોગ કરો
- **વધાવી લો-** જ્યારે પણ વાસ્તવિક જીવનમાં આત્મસાત્ થાય ત્યારે, જાહેરમાં બધાની વચ્ચે વખાણ કરો

પરિશિષ્ટ ૪

શિક્ષકો અને વાલીઓ માટે બાળઉછેર અંગેનાં અન્ય સંદર્ભ-પુસ્તકોની સૂચિ

ક્રમ	પુસ્તક	લેખક/પ્રકાશક
૧	સમરહિલ	મૂળ લેખક — એ. એસ. નીલ
૨	અઘરો છે આ પ્રેમ ને અઘરા છે આશીર્વાદ!	સંજીવ શાહ
૩	સ્વતંત્રતા- નહીં કે સ્વેચ્છાચાર	મૂળ લેખક — એ. એસ. નીલ
૪	આખરે... આઝાદ!	ડેનિયલ ગ્રીનબર્ગ
૫	કેળવણીની ભેટ	સંજીવ શાહ
૬	શીખતાં શીખવતાં	સંજીવ શાહ
૭	એક્ઝામ કી ઐસી કી તૈસી!	સંજીવ શાહ
૮	સંતાનઉછેરની ભેટ	સંજીવ શાહ
૯	બાળકોને કેવી રીતે કેળવવા ?	શ્રીમાન વિશ્વવંદ્ય
૧૦	તોત્તોચાન	તેત્સુકો કુરોયાનાગી
૧૧	શિક્ષણસંવાદ	જે. કૃષ્ણમૂર્તિ
૧૨	મા—બાપોને	ગિજુભાઈ બધેકા
૧૩	મા—બાપના પ્રશ્નો	ગિજુભાઈ બધેકા
૧૪	મા—બાપ થવું આકરું છે	ગિજુભાઈ બધેકા
૧૫	મોન્ટેસરી પદ્ધતિ	ગિજુભાઈ બધેકા
૧૬	તમારા બાળકને કેવી રીતે કહેશો	મૂળ લેખકઃ ડૉ. પૉલ કોલમેન
૧૭	બાળકની શીખવાની ક્ષમતા ઓળખો અને વિકસાવો	મૂળ લેખકઃ ડૉ. લોરેન બ્રેડવે, બાર્બરા આલ્બર્સ હિલ
૧૮	મા—બાપ અને બાળક	મૂળ લેખકઃ ડૉ. હેમ જી. ગિનોટ
૧૯	હરીફાઈમુક્ત ભાઈબહેન	મૂળ લેખકોઃ ઍડીલ ફેબર, ઍલેન મૅઝલિશ
૨૦	બાળવેલનું સિંચન	લલિત શાહ
૨૧	અમૂલ્ય ધન આપણાં બાળકો	સ્વાતિ ત્રિપાઠી
૨૨	બાલસાધના	સંપાદનઃ રચના પાઠક, વ્રજેશ શાહ
૨૩	Ideal Parent	Aurobindo Ashram Trust
૨૪	Ideal Child	Aurobindo Ashram Trust
૨૫	Ideal Teacher	Aurobindo Ashram Trust
૨૬	On Education	Bertrand Russel

૨૭	3 Historical Philosophies of Education	Aristotle
૨૮	The True Nature of Education	Plato
૨૯	Tractate of Education	John Milton
૩૦	Dibs in Search of Self	Virginia M. Axline
૩૧	Moments of Parenting	Eklavya Education Foundation
૩૨	The Prophet	Kahlil Gibran
૩૩	Yes, I love myself too	મૂળ લેખકઃ ડોરોથી કોરકીલ્લે બ્રિઙ્ઝ
૩૪	મહાન હૃદયોના સારેગમપધનિ	સંજીવ શાહ
૩૫	નૂતન વિશ્વના પ્રભાતનો કલરવ	સંજીવ શાહ
૩૬	જીવવું એટલે ચાહવું એટલે શીખવું!	સંજીવ શાહ
૩૭	મહાન હૃદયોની શ્રવણકળા	સંજીવ શાહ
૩૮	પ્રેમની ભેટ	સંજીવ શાહ
૩૯	સદ્કુટુંબની ભેટ	સંજીવ શાહ
૪૦	The Gift of Family	Sanjiv Shah
૪૧	The Leader in Me	Stephen R. covey

"The goal of early childhood education
Should be to activate the child's ***own natural desire to learn."***

- Maria Montessori

Oasis Movement

2nd Floor, Shalin Apartment, 52, Haribhakti Colony,
Race Course, Vadodara-390007, Gujarat, India

Teleflex: +91-265-2321728
Email: info@oasismovement.in

www.oasismovement.in